બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
સત્સંગ શિક્ષણ પરીક્ષા

# ઉકેલ પત્ર : સત્સંગ પ્રાજ્ઞ - તૃતીયખંડ

પ્રશ્નપત્ર - ૧

(સમય : સવારે ૯ થી૧૨) રવિવાર, ૧૫ જુલાઈ, ૨૦૧૨ કુલ ગુણ : ૧૦૦

**અગત્યની સૂચના**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

## (વિભાગ-૧ 'વચનામૃત' નવી આવૃત્તિના આધારે)

**અભ્યાસક્રમના વચનામૃત : લોયા ૫, ૬, ૧૨, ૧૭ વરતાલ : ૩, ૫, ૧૧ ગ. અં. : ૨, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૬, ૨૧, ૨૬, ૩૮, ૩૯**

**પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કોને કહેવાય ? (લો.૧૨/૨૯૨)

જ. અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે. એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.

૨. કયા ચાર વ્યક્તિના દ્રોહ થકી મહારાજ બીએ છે ? (વર.૧૧/૫૧૫)

જ. એક તો ભગવાન, બીજા ભગવાનના ભક્ત, ત્રીજા બ્રાહ્મણ અને ચોથા ગરીબ મનુષ્યના દ્રોહ થકી મહારાજ બીએ છે.

૩. બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે સત્સંગ મળ્યા પછી પરમેશ્વર વિના બીજા પદાર્થમાં હેત રહે છે તેનું શું કારણ છે ? (અં.૨/૫૪૬)

જ. બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે સત્સંગ મળ્યા પછી પરમેશ્વર વિના બીજા પદાર્થમાં હેત રહે છે તેનું એ કારણ છે જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે દઢપણે પ્રતીતિ થતી નથી.

૪. શ્રીજીમહારાજ કોને નિવૃત્તિ જાણે છે ? (અં.૨૧/૫૮૫)

જ. ભગવાનના ભક્તને અર્થે ગમે તેટલી પ્રવૃત્તિ કરવી પડે તો પણ એને શ્રીજીમહારાજ નિવૃત્તિ જાણે છે.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

૧. અક્ષરધામમાં ભગવાન તથા મુક્તોના આકાર કેવા છે અને કેવી રીતે વિરાજમાન છે ? (અં.૩૮/૬૨૭)

જ. ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાનનો આકાર છે તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે, તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે. અને તે ભગવાનનો ને તે મુક્તનો જે આકાર તે પુરુષના જેવો દ્વિભુજ છે ને સચ્ચિદાનંદરૂપ છે. અને તે અક્ષરધામને વિષે રહ્યા જે એ ભગવાન તે જે તે, તે મુક્ત પુરુષ તેમણે દિવ્ય એવા જે નાના પ્રકારના ઉપચાર તેણે કરીને સેવ્યા થકા ને તે મુક્ત પુરુષને પરમ આનંદને ઉપજાવતા થકા સદા વિરાજમાન છે.

૨. વચ.ગ.અં.૧૧ પ્રમાણે ઇન્દ્રિયો અને મન કઈ રીતે જીતી શકાય ? (અં.૧૧/૫૬૪)

જ. વૈરાગ્ય, સ્વધર્મ, તપ અને નિયમ એ ચાર સાધને કરીને ઇન્દ્રિયો જિતાય છે અને ભગવાનની માહાત્મ્યે સહિત જે નવધા ભક્તિ તેણે કરીને મન જિતાય છે.

૩. કયા સાધને કરીને સો જન્મે ઉત્તમ ભક્ત જેવો થનારો હોય તે આને આ જન્મે કરીને ઉત્તમ થાય ? (વર.૫/૫૦૬)

જ. (એવી રીતે) ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દસ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે.

૪. જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને કોની કોની સાથે પ્રીતિ થાય નહીં ? (અં.૧૬/૫૭૮)

જ. જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહીં. અને પોતાના ઇષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પણ પ્રીતિ થાય નહીં.

**પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૩)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **વડવાનળ અગ્નિ (વર.૩/૫૦૧) દૃષ્ટાંત :** દીવા જેવા હોય તે તો વિષયરૂપી વાયુએ કરીને ઓલાઈ જાય, મશાલ જેવા હોય તે પણ તેથી અધિક વિષયરૂપી વાયુએ કરીને ઓલાઈ જાય, વીજળી જેવા હોય તે તો માયારૂપી વરસાદને પાણીએ કરીને પણ ન ઓલાય અને વડવાનળ અગ્નિ જેવા હોય તે તો જેમ વડવાનળ સમુદ્રમાં રહે છે પણ સમુદ્રના જળે કરીને ઓલાતા નથી અને સમુદ્રના જળને પીને મૂળદ્વારે કાઢી નાખે છે તે પાણી મીઠું થાય છે. તેમ એવા જે મોટાપુરુષ છે તે સમુદ્રના જળ જેવા ખારા જીવ હોય તેને પણ મીઠા કરી નાંખે છે. **સિદ્ધાંતઃ** અગ્નિ પાણીએ કરીને ઓલવાય જાય છે. પણ વડવાનળ અગ્નિ છે તે તો સમુદ્રના જળની વચ્ચે છે. તે પાણીએ કરીને ઓલવાતો નથી. પણ સમુદ્રના પાણીને મીઠું બનાવે છે. તેમ વડવાનલ અગ્નિ જેવા સંત આલોકમાં આવે છે પણ વિષયરૂપી વાયુમાં તથા માયામાં લેવાતા નથી. પણ તેમાં લેવાયેલા જીવને છોડાવે છે.

૨. **વજની ખીલીનું (અં.૭/૫૫૮) દૃષ્ટાંત :** જેમ વજની પૃથ્વી હોય તેમાં વજની ખીલી ચોડી હોય તે કોઈ રીતે ઊખડે નહિ, તેમ ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને દૃઢ રાખવું. અને એવી રીતે જે ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી, એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે. **સિદ્ધાંત :** આપણે આપણા મનને ભગવાનના ચરણારવિંદમાં એવું દૃઢ કરી રાખવું જોઈએ કે વિષયે કરી, માયાએ કરી કે ખુદ ભગવાન પણ ડગાવવા આવે તો પણ ડગે નહિ.

૩. **સોનાના દોરાનું (અં.૨૧/૫૮૭) દૃષ્ટાંત :** જેમ સોનાનો દોરો કર્યો હોય તે છયે ઋતુમાં સરખો રહે પણ ઉનાળાને તાપે કરીને ઢીલો થાય નહિ, તેમ જેનો દૃઢ સત્સંગ હોય તેને ગમે તેવાં દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે સત્સંગમાંથી મન પાછું હઠે નહિં એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે, તે જ અમારે તો સગાંવહાલાં છે ને તે જ અમારી નાત છે. **સિદ્ધાંત :** સત્સંગમાં ગમે તેવા દુઃખ આવે, અપમાન થાય તો પણ સોનાના દોરાની જેમ સત્સંગમાંથી કે સત્સંગીમાંથી આપણું મન પાછું પડવું ન જોઈએ.

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણથી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધઃ (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો. (૨) ઉકેલપત્રમાં આપેલા સંદંભ સિવાય અભ્યાસક્રમમાં આવતા વચનામૃતમાંથી બીજો કોઈ પણ સંદર્ભ પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતો હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે સંદર્ભ આવતાં હોય ત્યાં કોઈ પણ એક સંદર્ભ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.**

**૧. રામપ્રતાપભાઈએ દામોદર શેઠનો તિરસ્કાર કરીને કાઢી મૂક્યા છતાં મંદિરમાં આવવાનું મૂક્યું નહીં. (લો.૬/૨૬૪-૨૬૫, અં.૧૧/૫૬૪-૫૬૫)**

**સંદર્ભ :** (૧) જે સંત પોતાને ટોક્યા કરે ને જે સ્વભાવ દેખે તે ઉપર ખટકો રાખે ને તે ન ટળે ત્યાં સુધી વાત કર્યા કરે ને તે લોકવ્યવહારે મોટો ન કહેવાતો હોય તો પણ તેનો સંગ કરવો. (૨) જીવને જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે તેવી ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ હોય તો તેને કોઈ રીતનું વિઘ્ન લાગે નહિ. અને ગમે તેવા દેશકાળાદિક ભૂંડા આવે તેણે કરીને એ ભગવાન ને ભગવાનના ભક્ત થકી વિમુખ થાય નહિ. **સમજૂતિ :** (૧) ક્યારે પણ સંત આપણા સ્વભાવ ઉપર ટોકે તો તેણે કરીને અભાવ-અવગુણ ન લેવો. અને સત્સંગ મૂકવો નહિ. (૨) દસ વાર ખાડે જવું પડે તો પણ જીવને પોતાના દેહને આત્મબુદ્ધિ હોવાથી તેનો અવગુણ આવતો નથી. તેમ ભગવાનને ભગવાનના ભક્તને વિષે જો આત્મબુદ્ધિ કરી હોય તો ક્યારેય જીવ સત્સંગથી વિમુખ થાય નહિ.

**૨. સુવર્ણની લંકા હોવા છતાં પણ રાવણ સદાય સુખિયો ન રહી શક્યો. (અં.૮/૫૫૯, અં.૩૮/૬૨૬-૬૨૭)**

**સંદર્ભ :** (૧) વૈરાગ્ય ને સ્વધર્મ તેણે કરીને જેણે પોતાનાં ઈન્દ્રિયોને વશ ન કર્યા હોય તો તે ભગવાન તથા ભગવાનના ભક્તને સંગે રહ્યો થકો પણ દુખિયો રહે છે. (૨) એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા ઊઠયાની વાસના તથા રસને વિષે જિહ્વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહિ. **સમજૂતિ :** (૧) આપણામાં વૈરાગ્ય કે સ્વધર્મ ન હોય તો ભગવાન કે ભગવાનના ભક્તના સંગમાં હોઈએ તો પણ રાવણની જેમ સુખી થવાને બદલે દુ:ખી થાય છે. (૨) રાવણને સ્ત્રીને વિષે વાસના હતી. તો તે સુખી થવાને બદલે કુળે સહિત નાશ પામ્યો. તેથી એક નારી સદા બ્રહ્મચારી સૂત્ર અનુસાર પોતાની સ્ત્રી સિવાય કોઈની સાથે સંકલ્પ માત્ર ન કરવો.

**૩. શ્રીજીમહારાજ પોતે વજીબાનો નિશ્ચય ડગાવવા આવ્યા છતાં મહારાજના ચરણારવિંદ થકી પડ્યા નહીં. (લો.૧૭/૩૦૮)**

**સંદર્ભ :** ભગવાનનો માહાત્મ્યે સહિત યથાર્થ નિશ્ચય હોય, એવાને સૂઝે એવું દેશકાળાદિકનું વિષમપણું થાય તો પણ એની અવળી મતિ થાય નહીં. **સમજૂતિ :** ભગવાનનો જો માહાત્મ્ય સહિત નિશ્ચય થયો હોય તો ખુદ ભગવાન ડગાવવા આવે તો પણ ડગે નહિ. માટે ભગવાનનો નિશ્ચય યથાર્થ કરવો.

**૪. પ્રમુખસ્વામી મહારાજ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંત છે. (અં.૨૬/૫૯૭-૫૯૮)**

**સંદર્ભ :** ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય ? ઈન્દ્રિયો અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિં, ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે ને પંચ વર્તમાનમાં દૃઢ રહેતા હોય, ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. **સમજૂતિ :** ભગવાનનું સ્વરૂપ ક્યારેય આ પૃથ્વી ઉપરથી અદૃશ્ય થતું નથી. તો તે ક્યાં છે ? તો મહારાજ આ વચનામૃતમાં સંતનાં લક્ષણ બતાવીને કહે છે. ભગવાન એવા સંતમાં બિરાજમાન છે. માટે તે સંત ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે.

**પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૬)** **નોંધ : વચનામૃત ક્રમાંક ન લખ્યો હોય તો ચાલે.**

૧. અને એવી રીતે પ્રથમ કહ્યું જે પોતાના જીવાત્માનું જ્ઞાન તથા ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન એ બે જેને સિદ્ધ થયાં હોય ને તે જો ગમે તેવા પંચવિષય સંબંધી સુખમાં કદાચિત બંધાઈ ગયો હોય, તો પણ તેમાં બંધાઈ રહે નહિ તેને તોડીને નીકળે જ રહે છે. (અં.૩૯/૬૩૧) (૩૧)

૨ પંચ વર્તમાન સંબંધી પોતામાં કાચ્યપ હોય ને તે પોતાથી વિચારે કરીને ટળતી ન હોય, તો તે કાચ્યપ જેમાં ન હોય એવા જે સંત તેને આગળ કહેવું અને કોઈક સંતનો અવગુણ પોતાને આવ્યો હોય તો તે કહેવો તથા ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો હોય તે પણ કહેવો, ત્યારે તે નિષ્કપટ કહેવાય. (લો.૫/૨૬૦)(૧)

૩ માટે પોતાની ભક્તિને નિર્વિઘ્ન રાખીને જે પરમેશ્વરનાં ચરણારવિંદને પામવાને ઇચ્છે તેને જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો તેને વિષે સાવધાન થઈને રહેવું અને ભગવાન વિના બીજા પદાર્થ ત્યાં પેસવા દેવાં નહીં. (અં.૯/૫૬૧) (૧૬)

## વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૪ અને ૫, નવી આવૃત્તિના આધારે

**અભ્યાસક્રમના ઉદ્ગીથ : ભાગ-૪ : ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૮,૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ભાગ-૫ : ૧, ૨, ૫, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૭, ૧૮, ૨૩, ૨૪, ૨૫**

**નોંધ : (૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્નનંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

### ૧. રાજકોટમાં ગવર્નર જહૉન માલ્કમ સાથે મુલાકાત

| | | |
|---|---|---|
| ૧. | મુંબઈના ગર્વનર મહારાજને રાજકોટ પધારવા આમંત્રણ મોકલે છે. | ૫/૩૬૮ |
| ૨. | મહારાજ રાજકોટ જવા નીકળે છે. | ૫/૩૭૧ |
| ૩. | મોટા સાહેબને મળવાની ખૂબ તાણ છે. | ૫/૩૭૪ |
| ૪. | સ્વામિનારાયણની હકૂમત ઠેઠ અંગ્રેજ રાજય સુધી પહોંચી ગઈ છે. | ૫/૩૮૧ |
| ૫. | આપને એકાંતમાં મળવામાં જ આનંદ આવે. | ૫/૩૮૫ |
| ૬. | આપે જે શિક્ષાપત્રી આપી તે હજાર ઘોડાની ભેટ બરાબર છે. | ૫/૩૮૬ |
| ૭. | અચ્છા ફકીર સ્વામિનારાયણ છે. | ૫/૩૮૭ |

### ૨. જૂનાગઢમાં મૂર્તિપ્રતિષ્ઠા

| | | |
|---|---|---|
| ૧. | આ તારો રંગીલદાસ | ૫/૨૪૫ |
| ૨. | પ્રતિષ્ઠા ઉત્સવની તૈયારીઓ. | ૫/૨૪૮ |
| ૩. | જૂનાગઢમાં મહારાજનું ભવ્ય સામૈયું. - બ્રહ્માનંદ સ્વામી ઘોડાને નિષ્કામી કરે છે. | ૫/૨૪૯-૨૫૦ |
| ૪. | દીવાનના મનસૂબા ભાંગીને ભુક્કો થઈ ગયા ! - મહારાજ લંગડા મીરને બોલાવી પાઘ આપે છે. | ૫/૨૫૧ |
| ૫. | અમારું સર્વસ્વ જે આ સાધુ તે સોરઠ દેશને કૃષ્ણાર્પણ કરીએ છીએ. | ૫/૨૫૨ |
| ૬. | મહારાજ સ્વામીનું ગાદી-તકીયાથી સન્માન કરે છે. - મહારાજના મુખારવિંદ ઉપર ભક્તિનો ભાવ પ્રકાશે છે. | ૫/૨૫૩ |
| ૭. | શ્રીહરિ જૂનાગઢના નવાબના મહેલમાં પધારે છે. - નવાબ સાહેબને ત્રણ કુંવર થશે. | ૫/૨૫૫ |
| ૮. | સૌ સંત-હરિભક્તોએ દર વર્ષે એક માસ અહીં આવી સ્વામીનો સમાગમ કરવો. | ૫/૨૫૬ |

### ૩. સુંદરિયાણાના હિમરાજ શેઠને થયેલો સત્સંગ તથા તેમના પુત્રોને થયેલી સત્સંગની દૃઢતા

| | | |
|---|---|---|
| ૧. | સ્વામી તો એક વલ્લભ સ્વામી - હિમરાજ શાહ સત્સંગી બને છે. | ૪/૭૧-૭૨ |
| ૨. | મોઢ જ્ઞાતિમાં હાહાકાર | ૪/૭૩ |
| ૩. | આ કંઠી અને સત્સંગ શિર સાટે છે. | ૪/૪૩૦ |
| ૪. | ધંધુકામાં મહાજને બ્રાહ્મણોની ચોરાસી બંધ કરી. - સુંદરિયાણામાં વસંતોત્સવ : આ.સં. ૧૮૮૦ | ૪/૪૩૨ |
| ૫. | મહારાજ પ્રસાદીનાં વસ્ત્રો હિમરાજ શાહના પરિવારને આપે છે. | ૪/૪૩૩ |
| ૬. | આપની મૂર્તિ અખંડ ધ્યાનમાં રહે. | ૪/૪૩૪ |
| ૭. | આ સત્સંગ કેવળ તિલક, કંઠી કે માળા ધારણ કરવાથી સિદ્ધ થતો નથી. | ૪/૪૩૫ |

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)**

**નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. મહારાજના અંતિમ મંદવાડમાં ગુણાતીતાનંદ સ્વામી સાથે મુલાકાત**

૧. સ્વામી ! મહારાજ તમને હાલ ને હાલ તેડાવે છે. ૫/૪૨૨-૪૨૪

૨. અમે તમારાથી ક્યાં જુદા છીએ ? - મીઠાં વ્હાલા કેમ વિસરું...... ૫/૪૨૪ -૪૨૬

૩. એ ગુણાતીતાનંદ સ્વામી તો અમારું અક્ષરધામ છે. - તેમને હું શી રીતે દૂર કરી શકું ? જ્યાં તે છે ત્યાં હું છું અને જ્યાં હું છું ત્યાં તે છે. અમારાથી એ કઈ રીતે જુદા થઈ શકે ? - ગોપાળાનંદ સ્વામીને. - અમારા અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામીનું તમે વિશેષ ધ્યાન રાખજો. - ગોપાળાનંદ સ્વામીને અંતિમ આદેશ. અંતિમ માંદગીમાં ૫/૪૨૪-૪૨૮

૪. તમારા સંબંધે સૌને અમારા સંબંધનું સુખ મળશે. ૫/૪૩૧

**૨. વસ્તાખાચરને આવેલો શ્રીજીમહારાજનો અભાવ તથા મહારાજે કરેલું નિરાકારણ**

૧. શ્રીજીમહારાજને વસ્તાખાચર પર અતિશય હેત - જીવાખાચરને આ બાબત પસંદ ન હતી. ૪/૪૫૬

૨. વસ્તાખાચરને પોતાની ડેલીએ લઈ જઈ ખૂબ સારી આગતા - સ્વાગતા. ૪/૪૫૬-૪૫૭

૩. બૂઢ્ઢા ધાધલ દ્વારા મહારાજ માટે અભાવના શબ્દો. ૪/૪૫૭-૪૫૮

૪. જીવાખાચરના ઝેર પાયેલા શબ્દોથી વસ્તા ખાચરનું અંતર ડહોળાવા લાગ્યું. - મનોમંથન. ૪/૪૫૮

૫. આ જીવ હવે જરૂર મોક્ષના માર્ગથી પડશે. - વસ્તાખાચર એ તો આપણા ખાતાનો જીવ છે. - શ્રીજીમહારાજ ૪/૪૫૯

૬. ભોળા માનવીને ભરમાવા માટેની આ ભક્તિની ભ્રમજાળ નથી. - શ્રીજીમહારાજ ૪/૪૬૦

૭. 'આશીર્વાદ આપો કે આપના સ્વરૂપમાં ક્યારેય મનુષ્યભાવ ન આવે.' - વસ્તાખાચર ૪/૪૬૧

૮. આ બધા કાઠીઓ મૂરખ છે ? - દાદા ખાચર ૪/૪૬૧

૯. વસ્તાની ફજેતી થાય એવું કરવું નહિ. - શ્રીજીમહારાજ - ઉપસંહાર ૪/૪૬૨

**૩. શ્રીજીમહારાજના પ્રભાવથી વડોદરાના તેજોદ્વેષી દિવાનની થયેલી નિષ્ફળ યુક્તિઓ**

૧. ભગવાન સ્વામિનારાયણને ન મળવાની દૃઢ પ્રતિજ્ઞા તૂટી - મહારાજ રાજદરબારમાં પધાર્યા ત્યારે - હું આપના જ વિચારોમાં હતો. - આગળ કંસ, શિશુપાળ, રાવણ વગેરેનું એવા જ ભાવથી કલ્યાણ થયું હતું. ૫/૧૪૬-૧૪૭

૨. સ્વામિનારાયણની વ્યૂહ રચનાથી તેમને જીવતા પકડવા મુશ્કેલ છે. - ૫/૧૪૮

૩. માંત્રિકોના મલિન પ્રયોગો અમને કંઈ કરી શકશે નહીં. - મહારાજ સયાજીરાવને - આવનાર પુરુષો પાગલ. ૫/૧૪૯

૪. મહારાજને મારવા ઝેર પાયેલા ખંજર સાથે સાધુના વેશમાં મોકલેલા ત્રણ હબસીઓ પકડાઈ ગયા. ૫/૧૫૦

૫. જે બ્રહ્મબીજ નથી તે તો લાખ અશ્વમેઘ યજ્ઞો કરે તો પણ બ્રાહ્મણ બની શકતો નથી. ૫/૧૫૫

૬. મહારાજને પકડવાનો દીવાનનો છેલ્લો પાસો નિષ્ફળ - સાગરિતો નાળાના પાણીના પ્રવાહમાં તણાઈ ગયો. ૫/૧૬૩

૭. વિદાય વખતે હાથી ઉપરથી ઉતરતા મહારાજને પકડવાનો દાવ પણ નિષ્ફળ. ૫/૧૬૬

**પ્ર.૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો. (પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું.) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **બાળસનેહી રે મોહન મુજને ગમતા. (૪/૩૯૭)** મહારાજની ફરવા જવાની આજ્ઞા હોવાથી મુક્તાનંદ સ્વામી ફરવા નીકળ્યા. પ્રથમ સારંગપુર આવ્યા. અહીં મહારાજ બિરાજતા હોવાથી દર્શને આવવાની રજા માંગી ત્યારે મહારાજે ભગુજી સાથે કહેવરાવ્યું : 'જેવા આવ્યા છો. તેવા ને તેવા પાછા જાઓ.' ત્યારે મુક્તાનંદ સ્વામીએ ભગુજી સાથે આ પ્રસંગને અનુરૂપ કીર્તન રચ્યું. 'બાળસનેહી રે, મોહન મુજને ગમતા....' આવા દસ પદની રચના

કરી મહારાજને મોકલ્યા. શુકમુનિએ મહારાજને ગાઈ સંભળાવ્યા. મહારાજે તરત જ ભગુજીને સ્વામીને બોલાવવા મોકલ્યા. મહારાજે સ્વામીને પૂછ્યું : 'મંડળ સાથે ક્યાં જતા હતા ?' ત્યારે સ્વામીએ કહ્યું 'આપની આજ્ઞા પ્રમાણે દેશમાં ફરવા.' ત્યારે મહારાજે કહ્યું 'પણ તે તમારા માટે નહીં, તમારે તો અમારી સાથે ભુજ મંદિરમાં પ્રતિષ્ઠા પ્રસંગે આવવાનું છે.'

**મનન :** મુક્તાનંદ સ્વામીની જેમ આજ્ઞા પાળવામાં હંમેશા તત્પર રહેવું જોઈએ. પોતાની વાતની રજૂઆત પણ યોગ્ય રીતે કરવી જોઈએ.

૨. **મંડળમાં સાધુ તો સો રાખીએ, બસો રાખીએ, ત્રણસો રાખીએ. (૫/૧૦૧)** સંજાયામાં ગુણાતીતાનંદ સ્વામી સભામાં આવતાં મહારાજે કહ્યું : 'હવે મંડળ બાંધો.' ત્યારે સ્વામીએ કહ્યું : 'મારાથી મંડળ નહીં ચલાવાય. ત્યારે મહારાજે કહ્યું 'મંડળમાં સાધુ તો પાંચ રાખીએ, દસ રાખીએ, પણ મંડળ બાંધો.' ત્યારે સ્વામીએ કહ્યું 'હું મંડળ ચલાવી શકું એવી આવડત મારામાં નથી.' ત્યારે મહારાજે કહ્યું 'મંડળમાં સાધુ તો સો રાખીએ, બસો રાખીએ, ત્રણસો રાખીએ.' ત્યારે સ્વામીએ વિચાર્યું મહારાજની ઈચ્છા મંડળ બાંધવાની છે. તેથી જો ના પાડીશું તો સાધુ વધારશે. એટલે તરત જ તેમણે હા પાડી. મહેમદાવાદના હરિભક્તોને મહારાજે કહ્યું : 'આ ભાદરાવાળા નિર્ગુણાનંદને તમે લઈ જાવ. તેઓ વેદાંતીઓનો પરાજય કરશે.

**મનન :** મહારાજ કે સંત જ્યારે કોઈ આજ્ઞા કરે ત્યારે આપણે તેના માટે આપણા વિચારો એક વખત રજૂ કરવા. પછી પણ જો તેઓની ઈચ્છા એ કાર્ય કરાવવાની હોય તો તેમની ઈચ્છા પ્રમાણે તે કાર્ય કરવા માટે તૈયાર થઈ જવું.

૩. **મહારાજ રૂપિયા કૂવામાં નાંખે છે. (૪/૪૧૧-૪૧૨)** કારિયાણીમાં એક હરિભક્તે મહારાજની પૂજા કરી ઘણા વરસથી મહેનત કરીને ભેગા કરેલા બસો રૂપિયા મહારાજને અર્પણ કરે છે. મહારાજ તે રૂપિયા મહારાજ સંતોને લેવાનું કહે છે. ત્યારે સંતોએ કહ્યું :'અમારે તો રૂપિયા વિષ્ટાતુલ્ય થઈ ગયા છે. અમે તેને શું કરીએ.' અમારે પણ શું કરવા છે. એમ કહી મહારાજે ખોબો ભરીને રૂપિયા કૂવામાં નાખ્યા. વધેલા રૂપિયા પાંચા કોળીના ખોરડા ઉપર નાખ્યા. પાંચાની માના હાથમાં દસ રૂપિયા આવ્યા. પછી મહારાજે પૂજા કરનાર ભક્તને પૂછ્યું : 'તમે અમારી સેવા કરી પણ અમે તો રૂપિયા નાખી દીધા. તેથી તમને કાંઈ સંકલ્પ તો થયો નથી ને ?' ભગતે કહ્યું : 'આપે રૂપિયા સ્વીકાર્યા એ જ મારાં મોટાં ભાગ્ય ! તે રૂપિયા આપે આપના સમજીને નાંખી દીધા તેમાં મને શું સંકલ્પ થાય ?' મહારાજની ક્રિયામાં તેમને દિવ્યભાવ હતો.

**મનન :** ભગવાન કે ભગવાનના સંતની દરેક ક્રિયાને  દિવ્યભાવથી જોવી જોઈએ.

૪. **અમને તો સંત વગર નિંદ્રા જ આવતી નથી. (૫/૨૩)** સુરત જતાં મહારાજે કારેલી ગામે સંતોને મહીકાંઠાના ગામડાઓમાં ફરવાની આજ્ઞા કરી. સંતો તરત જ નીકળી ગયા. તેમને જતાં જોઈને મહારાજે કહ્યું :'કેટલા સરળ છે મારા સંતો ! આજ્ઞા પાળવા ઉપર જ તેમનું અખંડ અનુસંધાન છે !' એટલે મહાનુભાવાનંદ સ્વામીએ કહ્યું : 'મહારાજ ! આવા પ્રસંગે તો સંતોનો સમૂહ હોય તો જ પ્રસંગ શોભે. સુરત જેવું મોટું શહેર, અરદેશર કોટવાલ મોટા રાજકીય પુરુષ, ત્યાં દબદબાથી જવું જોઈએ.' ત્યારે મહારાજે કહ્યું : 'તમે એકે જ આ કહ્યું, બીજા કોઈ મોટા સદ્‌ગુરુ બોલ્યા નહિ. આ મુનિબાવા તેડવા આવ્યા છે તેમણે પણ આગ્રહ કર્યો નહિ. અમને તો સંત વગર નિદ્રા જ આવતી નથી.' મહારાજની વાત સાંભળી સદ્‌ગુરુઓને અને મુનિબાવાને પોતાની ભૂલ સમજાતાં સંતોને પાછા બોલાવવા પ્રાર્થના કરી. મહારાજે કહ્યું : 'ભેગા રહો તો અમારી મરજી યથાર્થ જણાશે. આ મહાનુભાવાનંદ સ્વામી કેમ સમજી ગયા ?' પછી સંતોને સુરત બોલાવવા પાર્ષદોને મોકલ્યા.

**મનન :** મહારાજને સંતો પ્રિય છે. કોઈ પણ મોટા પ્રસંગે અથવા રાજદ્વારી મુલાકાતો હોય ત્યારે સંતોને સાથે રાખવા જોઈએ. આપણે ફક્ત ભગવાન જ નહિ પણ ભક્તે સહિત ભગવાનને યાદ રાખવા જોઈએ. સંતો એ મહારાજના પ્રાણ પ્યારા છે. તેથી સંતો વગર શ્રીજીમહારાજને નિદ્રા આવતી નથી.

૫. **આ ગારો નથી પણ ચંદન છે. (૪/૪૪૯)** વરતાલ મંદિરના બાંધકામમાં સંતો-હરિભક્તો કામ કરતાં ત્યારે તેમના શરીર ગારાંવાળા થતાં અને મહારાજ તેમને મળતા. મહારાજના શરીરે ગારો ચોંટે તેથી સંતો મહારાજને મળતા અચકાતા હતા. તેથી મહારાજે કહ્યું : 'આ ગારો નથી પણ ચંદન છે !' આમ મહારાજ સંતોનો ઉત્સાહ વધારતા.

કેટલાક સંતો આ સેવામાં ભળતા નહિ. તે પણ મહારાજ બધાને મળતા હોવાથી શરીરે ગારો ચોપડીને મળવા આવતા ત્યારે મહારાજ કહેતા 'તમારા શરીરે ગારો છે, તેથી અમારા શરીર બગડે, માટે અમે નહિ મળીએ.

**મનન :** ''તન કી જાણે મન કી જાણે, જાણે ચિત કી ચોરી. ઉસકે આગે ક્યા છુપાઉં જીસકે હાથ મેં દોરી''

અંતર્યામી મહારાજની આગળ પણ કપટ રાખીને લાભ લેવા જાય. પણ તેમનાથી ક્યાં કશુ છુપું છે.

**પ્ર.૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. અરદેશર કોટવાલ**

૧. મહારાજ માટે કાચના તકતા જડાવી મેનો તૈયાર કરાવ્યો - સરકારી કચેરીઓ બંધ કરાવી હતી. - મહારાજના ભવ્ય સન્માન માટે નવાબ સાહેબના રસાલા સાથે મહારાજને તેડવા. ૫/૩૧-૩૨

૨. શેઠ તો ભક્તરાજ છે. તેમને કોઈ સન્માનની અપેક્ષા નથી - ગોવિંદરામ મહારાજને - આપ તો ખુદા છો. આપે આવો વિનય ન કરવો જોઈએ.- મહારાજ કે સંતની વિરુદ્ધમાં જે બોલે તેને કચેરીમાં હાજર કરવો. ૫/૩૫-૩૭

૩. મારા નવાબની નવાબી ભલે જાય, પરંતુ મહારાજના આશીર્વાદથી તેમનું જીવન આજે સફળ થયું. ૫/૪૦-૪૧

૪. આ દુષ્ટને ગમે તેમ કરી પકડીને મારી પાસે લાવો - મહારાજ વિરુદ્ધ પત્ર લખીને ચોટાડનાર માટે. ૫/૪૪-૪૫

૫. આપને શરણે આવ્યો છું. મારી રક્ષા કરવી આપના હાથમાં છે. - મહારાજને કરેલી પ્રાર્થના ૫/૪૮

૬. તમે હોદ્દાનું માન અને સત્તાનું ઘમંડ મૂકીને અમને રાજી કરવા સેવક બન્યા તેથી મહારાજે આપેલી પાઘ. ૫/૫૦

**વ્યક્તિત્વનું આલેખન :** રાજ્યના ઊંચા હોદ્દા ઉપર હોવા છતાં મહારાજ અને સંત આગળ માન મૂકીને કરેલી સેવા. પોતાના રાજાનું પણ ભલું થાય તેવી ભાવનાવાળા, ખોટું કાર્ય કરનારને ચલાવી ન લેનાર. મહારાજની સ્મૃતિ નિરંતર રહે તેવી ઈચ્છા અને પ્રયત્નવાળા હતા.

**૨. પંચાળાના ઝીણાભાઈ**

૧. ઝીણાભાઈ દિલગીર થાય છે. - રીસવાળાની ભક્તિ તથા પ્રેમ અંતે ખોટાં થઈ જાય છે. - મૂંઝવણ ટળી પણ ગળ્યું, ચીકણું ખાવું નહીં અને માથે પાઘ બાંધવી નહિ. ૪/૨૪૬-૨૪૮

૨. ઝીણાભાઈની ટેકના લીધે સંબંધીઓમાં ટીકા - વેરાભાઈએ સમજાવવા કરેલો પ્રયત્ન - મહારાજ ન પધારે તો હું દેહત્યાગ કરીશ - અમારે ટેકીલાઓની ટેક મુકાવવી છે. - ૪/૨૬૯-૨૭૧

૩. ૧૮૭૭ ફૂલદોલોત્સવની ઝીણાભાઈએ કરેલી તૈયારી ૪/૨૭૩

૪. આ.સં. ૧૮૭૯ના ફૂલદોલોત્સવની કરેલી ભવ્ય તૈયારી ૪/૩૬૯, ૩૭૫

૫. કમળશીભાઈની ઝીણાભાઈએ કરેલી સેવા - અદીબા સાથે અબોલા - ૪/૩૭૯-૩૮૦

૬. અમે આવો લહાવો લીધો નથી. - મહારાજના ચરિત્રમાં ઝીણાભાઈ ઊંડા ઊતરી ગયા ૪/૩૮૫

૭. જૂનાગઢમાં મંદિર માટે ઝીણાભાઈ અને પરિવારે જમીન અર્પણ કરી. ૫/૧૮૨

૮. ઝીણાભાઈને અસાધ્ય માંદગી - જો તમારો ભગત રહેશે તો તમે તેનું ધ્યાન રાખશો - ૫/૨૮૫-૨૮૭

૯. મહારાજે ઝીણાભાઈની નનામી ઉપાડી ૫/૨૮૮

**વ્યક્તિત્વનું આલેખન :** મહારાજ પાસે પોતાનું ધાર્યું કરાવતા. દાસત્વભક્તિવાળા હોવાથી કમળશી જેવા હરિભક્તની પણ સેવા કરી. મહારાજના માનુષી ચરિત્ર જોઈને ઊંડા ઊતરી જતા. સત્સંગને અર્થે સર્વસ્વનું સમર્પણ કરવાના સ્વભાવવાળા હતા. સંબંધીને વિષે મમત્વબુદ્ધિથી રહિત હોવાથી અંત સમયે પુત્રની ભલામણ પણ ન કરી.

**વિભાગ - ૩ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ - સંક્ષિપ્ત જીવનચરિત્ર નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્ર. ૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૧૨)**

**૧. પ્રમુખસ્વામી મહારાજનું જીવન - શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ**

૧. પૂર્વ ભૂમિકા - બધો યશ ગુરુવર્યને સમર્પિત - પોતાના મહત્ત્વને કચડી નાખ્યું.

૨. પ્રગટ ભગતની પૂજામાંથી પોતાનો ફોટો કાઢી નાખ્યો. ૩૯
૩. ગોંડલ હાઈસ્કૂલના નામ સાથે યોગીજી મહારાજનું નામ. ૪૦
૪. ગુરુના પરિશ્રમને સંતો-હરિભક્તોમાં તાદૃશ્ય કરાવતા - બ્રહ્મપ્રકાશ સ્વામીને પોટલા સાથે વૉકિંગ. ૪૦-૪૧
૫. ગુરુ અને સંસ્થાની સેવા કરનારનો મહિમા. હર્ષદભાઈ ચાવડા - ત્રિભાકાકા ૪૨
૬. ગુરુની આજ્ઞા અને અનુવૃત્તિ - ચૂનાની ભઠ્ઠી - કાર્ય સંપૂર્ણ રીતે પાર પાડ્યું. દેહની પરવા ન કરી. ૪૩
૭. અટલાદરાથી સારંગપુર અનેક તકલીફો વેઠીને ગુરુની અનુવૃત્તિ સાચવી. ૪૩-૪૪
૮. ‘યોગીજી મહારાજને મારી જગ્યાએ ગણજો.’ શાસ્ત્રીજી મહારાજના શબ્દો ક્યારેય અળગા કે ઓઝલ કર્યા નથી. ૪૪
૯. નિંગાળા મૂર્તિ પ્રતિષ્ઠા વખતે યોગીજી મહારાજની ગોંડલ જવાની આજ્ઞા. ૪૫
૧૦. યોગીજી મહારાજનો અમૃત મહોત્સવ ગોંડલમાં. ૪૫-૪૭
૧૧. વરસોડામાં આખી બપોર ગુરુ ભક્તિમાં જાગૃત. - રાજકોટમાં યોગીજી મહારાજને રસોઈ કરી જમાડ્યા. ૪૭-૪૮

**૨. કરુણાસાગર પ્રમુખસ્વામી મહારાજ**

૧. પશુમાલિકોના કકળતા પ્રાણની કેફિયતો સાંભળી હૈયાધારણ આપતાં કહ્યું : ‘ના, ના ઢોર વેચવાનો વિચાર જ ના કરતા. સંકોચ રાખનાર ગૃહસ્થોને ઔચિત્યની વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : ‘આ મંદિરમાં જે કાંઈ છે એ કોનું આપેલું છે ? અત્યારે તમારે જરૂર છે ત્યારે તમને આપવાનું છે. આમાં મફત ક્યાં ખાવાનું છે ? ૮૯-૯૦
૨. રતનપુરમાં જે રીતે વાછરડાઓ પાછળ દોડતા હતા એ હું જોઈ જ ન શક્યો. અત્યારે ને અત્યારે રાજકોટ યોગીસ્વરૂપ સ્વામીને કહેવડાવી દો કે ઘાસના છ ખટારા ત્યાં મોકલાવી દે. - અત્યારે તો આ બધું જોયું જતું નથી. અત્યારે તો દુઃખ સાંભળીએ ને કંપારી છૂટે છે. - સૌરાષ્ટ્રમાં આવેલા દરેક મંદિરના કોઠારીઓને પત્રો લખીને જણાવ્યું આજુબાજુનાં ગામોમાં જાતે જઈને સર્વેક્ષણ કરી જરૂર હોય એવાનાં ઢોરની નોંધણી કરીને અહીં આવી જાઓ. ૯૦-૯૧
૩. અમારે તમને દુઃખી કરીને લેવું નથી પણ અડધામાંથીય અડધું કરવાનું આ ટાણું છે. અત્યારે કરશું એ મોટું દાન છે. - હવે સંતોએ કેડ બાંધવાની છે. આ પણ દ્વિશતાબ્દી જ માનજો. - ધ્યાન, ભજન, માળા આ બધું અત્યારે આ જ છે. - આ પ્રસાદી અમથી નથી આપી, અત્યારે જ સૌ પોતપોતાના મંદિરે જવા નીકળો અને જઈને આ કામમાં મંડી જ પડો..’ ૯૨
૪. આજ્ઞાથી જ્યાં હોઈએ ત્યાં બધાને અન્નકૂટ-સેવાનું ફળ મળી જશે. ૯૩
૫. મારે તો લાખ ઢોર રાખવાં છે. ન કેમ રાખી શકીએ ? - પશુઓનું દુઃખ તો જુઓ ! ૯૩
૬. તમે દાન લેવા જાઓ ને એણે જો બીજી સંસ્થામાં આપ્યું હોય તોયે સારું જ છે. એનો નિષેધ ન જ કરવો. - બોટાદ, અમરેલી, ગઢડાની પાંજરાપોળમાં જઈને ખાસ મદદ કરજો. ૯૩
૭. એણે ભલે ને બડિયા લીધા, એણે એની ભૂંડાઈ ના તજી તો આપણેય ભલાઈ શું કામ તજવી ? - મારું તારું એવો કોઈ ભેદ રાખશો નહીં. આ બધાં ઢોર ભગવાનને શરણે આવ્યાં છે. - આપણે આ બધાંનાં ઢોર સાચવીએ છીએ એમાં કાંઈ ઉપકાર કરતા નથી. - દુષ્કાળથી દાઝેલા માનવીના ત્રાતા બની રહ્યા હતા. - જો કોઈની આંતરડી ઠરતી હોય તો ભલે હજી વધારે છાશ કેન્દ્રો ખૂલે. ૯૪
૮. જેની જેની ફી લીધી હોય એમને એ પાછી આપી આવજો અને આવતી સાલની ફી લેતા નહીં. એને યુનિફોર્મ કરાવી આપજો. અનાજ પણ જોઈએ તો આપજો. જો લેતાં તો અચકાય તો એનું માન જળવાય એ રીતે ઘરે જઈને આપી આવજો. - જેના ઘેર વ્યવસ્થા થઈ શકે એમ ન હોય તો સાથે બે મહિના ચાલે એટલું ઘાસ ભરી આપજો. - કેમ્પમાં કોઈના બળદ મરી ગયા હોય તો એના માટે બીજો બળદ આપશો. ૯૫
૯. કાસમભાઈ : અહીં આવ્યા પછી હવે મને તો એવું લાગે છે કે પ્રમુખસ્વામી જ મારા ખુદા છે. - સ્વામીશ્રી સતત ફોન દ્વારા મુંબઈ મંદિર સાથે સંપર્કમાં રહીને આગળ વધવાની કાર્યવાહી માટે માર્ગદર્શન આપતાં રહ્યાં. ૯૯
૧૦. મરાઠાવાડના ભૂકંપના સમાચાર સારંગપુરમાં સ્વામીશ્રીને મળ્યા - સ્વામીશ્રીનું કરુણાસભર હૃદય દ્રવી ઉઠ્યું. - તમામ રીતે મદદ કરવા માર્ગદર્શન આપ્યું. ૧૦૦
૧૧. એક માત્ર સ્વામિનારાયણ આપલ્યા આહે ! ૧૦૮

**૩. પ્રમુખસ્વામી મહારાજના સંગે કઠણ કાળજા પણ કોમળ બને છે**

| | | |
|---|---|---|
| ૧. | ભાઈના ખૂનીને ખતમ કરવા ઈચ્છતા યુવકનું ખુન્નસ દૂર કર્યું. | ૧૩૭ |
| ૨. | મા-બાપને બતાવી દેવાના ઈરાદાથી વ્યસન તરફ વળતા યુવકને સમજાવી પાછો વાળ્યો. | ૧૩૮ |
| ૩. | રોજ બે ઝૂડી પીઓ છો, તો ઓછી કરો. એ બરોબર ધીમે ધીમે છોડીશ. | ૧૪૪ |
| ૪. | અમેરિકાનો ગોરા મુમુક્ષુએ સિગારેટ, દારૂ છોડવા આપેલું વચન. | ૧૪૬ |
| ૫. | અજાણી યુવતી સાથે પિતાની મરજી વિરુદ્ધ લગ્ન કરવા તૈયાર થયેલો યુવક પાછો વળી ગયો. | ૧૪૯ |
| ૬. | માથા ભારે ટોળીના સરદાર રામસંગ બાપુ સત્સંગી થઈ ગયા. | ૧૭૧ |
| ૭. | તળાજાના જોહુકમી રિશુભા સંપૂર્ણ વ્યસન મુક્ત અને સત્સંગી બન્યા. | ૧૭૨ |
| ૮. | રેડિયો અને સાયકલ તોડી નાખનાર ક્રોધી શિક્ષકનું પરિવર્તન. | ૧૭૨-૧૭૩ |
| ૯. | અમદાવાદના હેરોઈન અને જાતજાતના કેફી દ્રવ્યોના વ્યસની યુવાનની સતત ત્રણ વર્ષ સુધી સંભાળ લીધી. | ૧૭૪ |
| ૧૦. | ઓદરકા અને કૂકડ ગામોના લોકોનું બસો વર્ષ જૂનું વેર સમાવી પરિવર્તન કર્યું. | ૧૭૫ |

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર પ્રસંગો લખો.**
**(દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા) (કુલ ગુણ ૬)**

**૧. પ્રમુખવરણી દિન**

| | | |
|---|---|---|
| ૧. | પૂર્વભૂમિકા - શાસ્ત્રીજી મહારાજના ઉદ્‌ગારો ‘મગનભાઈ અમે ઘણાં કામો કર્યા છે....હું તેના જીવ સામું જોઉં છું.’ | ૨૩-૨૪ |
| ૨. | શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસને આ સંસ્થાના પ્રમુખ બનાવીને તમને સૌને ૫૦ વર્ષનું સુખ કરતો જાઉં છું. | ૨૪ |
| ૩. | શાસ્ત્રીજી મહારાજનો નારાયણસ્વરૂપદાસને પત્ર | ૨૪-૨૫ |
| ૪. | સં. ૨૦૦૬ જેઠ સુદી ૪, રવિવાર તા. ૨૧-૫-૫૦ના શાહપુર આંબલીવાળી પોળમાં પ્રમુખ તરીકેની વર્ણી અને આશીર્વાદ. - યોગીજી મહારાજના આશીર્વાદ (આંબલીવાળી પોળ) | ૨૬ |
| ૫. | ઐતિહાસિક અવસરે પ્રમુખ સ્વામીની પ્રતિજ્ઞા. | ૨૭ |

**૨. કોમળ ટાંકણે**

| | | |
|---|---|---|
| ૧. | બાળકો માટે ખૂબ જ ભાવ અને પ્રેમ | ૧૨૫ |
| ૨. | શ્વેતાશુંને તિલક ચાંદલો કરી આપ્યો અને અરીસો ધર્યો - બાળક રાજી, સાથે પોતે પણ હસી પડ્યા. | ૧૨૫ |
| ૩. | બાળકો ખૂબ જ પ્રિય. તેથી તેમનામાં રસ લે. બાળકોની દરેક પ્રવૃત્તિમાં ખૂબ જ આત્મીયતાથી જોડાય | ૧૨૫ |
| ૪. | કાલા ઘેલા, ગાંડાઘેલા પ્રશ્નો પૂછાય, ઉચ્ચારો બાળકોના કાલાઘેલા ન સમજાય છતાં નિરાશ ન કરે. | |
| ૫. | કોઈ બાળક ચોકઠું જોવા માંગે, કોઈ ઓપરેશન કરાવેલ કાપો જોવા માંગે તો સહજતાથી બતાવે. | ૧૨૫ |
| ૬. | ભાવનગરમાં વીસ હજાર ભક્તોની મેદની - મોડું થયું હતું છતાં આશીર્વાદ લખી આપવાની બાળકની ઈચ્છા પૂર્ણ કરી. | ૧૨૬ |
| ૭. | બેંગ્લોર સ્ટેશને ઉપડતી ટ્રેનના સમયે બાળકને સહી કરી આપી. | ૧૨૬ |
| ૮. | બાળકનું મન સાચવી લેવાની કાળજી - રીક્ષામાં પધરામણીએ જતી વખતે બાળકના ઘેર પધારી તેની ઈચ્છા પૂરી કરી હતી. | ૧૨૬ |
| ૯. | સ્વામીશ્રી પોતાનું આસન ઊંચુ હોય તો બાળક માટે પોતાનું આસન નીચું કરાવે. | ૧૨૭ |
| ૧૦. | નાપાસ થનાર દિપક નામના બાળકને કાગળ લખીને આશ્વાસન આપ્યું. | ૧૨૭ |
| ૧૧. | ઉકાઈમાં સંસ્થા તરફથી ચાલતા છાત્રાલયમાં બાળકોના સ્વાસ્થ્ય માટે રાખેલ. પલંગ, પાથરણા, તેમને અપાતો ખોરાક, દૂધ બધા માટે ભલામણ કરે. | ૧૨૭ |
| ૧૨. | સ્વામીશ્રીનું નિર્વ્યાજ વાત્સલ્ય બાળકો પર વરસતું જ રહે છે. | ૧૨૮ |
| ૧૩. | બાળકોના ઘડતર માટે મહોત્સવો, અધિવેશન, શિખર. | ૧૩૦ |

**૩. પ્રમુખસ્વામી મહારાજે લીધેલી સંતોની સંભાળ**

| | | |
|---|---|---|
| ૧. | યોગીજી મહારાજના દીક્ષિત સંતોએ યોગીજી મહારાજની ઉણપ અનુભવી નથી - એવું પ્રમુખ સ્વામીનું હેત સંતો પ્રત્યે છે - સ્વામીશ્રીમાં જ યોગીજી મહારાજને નિહાળ્યા છે. | ૩૩ |

२. संत स्वामीने स्वामीश्री सारंगपुर पधारे त्यारे दंडवत करे ज. पोते गुरु छतां वडील संत प्रत्ये मान राखनार स्वामीश्री तेथी ज संतोना हृदय सम्राट छे. - सारवार माटे मुंबई तेडाव्या. ३४

३. बालमुकुंद स्वामीनी कीडनीमां पथरीना ओपरेशन वखते नियमित खबर काढवा स्वामीश्री जता. ३४

४. चर्तुभुज स्वामीनी कीडनीनी तकलीफना कारण बे गामडां वधारे फरीने पण संपूर्ण सारवार कराववानी स्वामीश्रीनी तैयारी. ३४

५. योगमुनि स्वामीने पगमां पाक थयो हतो त्यारे रोज स्वामीश्री दर्शन देवा पधारे पगे हाथ फेरवे. ३४-३५

६. स्वामीश्री संतोने पोतानुं आसन आपी दे, पोतानुं गातरियुं ओढाडी दे छे. मोडा आवनार संतो माटे भोजन ढंकावी रखावे - आवो वात्सल्य भाव. ३५

७. निर्भय स्वामीने प्रेमथी पोतानी पासे ज सूवाड्या. ३६

८. संतो प्रत्ये ऊंडो प्रेम - तेटली ज क्षमानी लागणी पण अगाध - अनंतगणी भूलो माफ करवानी तैयारी. ३६

९. संतोए दोरेल चित्रो, तैयार करेल शिल्पो, साहित्य, वानगी दरेक वस्तुनी हृदयथी प्रशंसा करे. ३७

१०. उत्सव - समैया वखते बधो यश संतोने ज आपे. संतोनो आभार मानता कंठ रूंधाई जाय. ३७

११. संतो माटेनो आवो अगाध प्रेम द्विगुणित थईने संतो तरफथी एमने मळे एमां कंई आश्चर्य नथी. माटे ज तेओ संतोना हृदय सम्राट छे. ३८

**४. आनंदमय ब्रह्म**

१. पूर्वभूमिका ११६

२. आ तो गमे त्यारे गमे ते गम्मत करीए वांधो न आवे : ब्रह्मविहारी स्वामीना प्रश्ननो जवाब ११७

३. संतो साथे छूक.....छूक गाडीनो प्रसंग ११७

४. 'वोकिंगनो समय पूरो थयो' - ब्रह्मप्रकाश स्वामीने ठेकीने नीकळी गया. ११८

५. रया गढवी, भलु आवी ? जगन पूरो, भरवाडनी हवा खावानी वात, पटलाणीए घरेणां अने पटेले घोडी खोई. प्रवचनने हळवुं, रसभर्युं अने आनंदमय बनावे छे. ११९

**प्र.१२ नीचे आपेला प्रसंगोमांथी कोई पण बे प्रसंग वर्णवी मनन लखो. (कुल गुण : ६)**

**नोंध : २ गुण प्रसंगोना अने १ गुण मननना आपवो. मनन अहीं आप्या करतां जुदुं पण होई शके पण विषयने अनुरूप होय तो तेना पूरेपूरा गुण आपवा.**

१. **चिठ्ठीना चाकर - शांतिलाल (१०-१२)** निशाळना पगथिये मित्रो साथे बेसीने वात करता शांतिलालने रावजीभाईए शास्त्रीजी महाराजना पत्रनी वात करतां तरत ज घेर आवी उकाळो पीने मातापितानी रजा लई रावजीभाईनी साथे भायली जवा रवाना - पूजा रही गई तो पाछा घेर लेवा गया - माताए चणा-ममरा बांधी आप्या अने वळी नीकळी गया - साधारण रीते भजवायेली घटना - विदायनी पळे माताए आपेली हैयाधारण - शास्त्रीजी महाराज कहे तेम करवुं. फरी पाछुं घर तरफ आववानी वृत्ति न राखवी.

**मनन :** शास्त्रीजी महाराजने समर्पित रहेवुं. कोई जातनो आडंबर नहि. सत्संगना संस्कार, सेवानी वृत्ति, संयमनो भारे विवेक आ प्रसंगमां जणाय छे.

२. **डाह्याभाई गज्जरने त्यां आचार्य स्वामीने पारायण करवानी आज्ञा (५१)** स्वामीश्रीने सुंदलपुरामां हार्टएटेक आव्यो. - वडोदरा जतां आवी विषम परिस्थितिमां पण हरिभक्तोनी चिंता - ओड चोकडी पासे गाडी ऊभी रखावी. आचार्य स्वामी अने बे संतोने आणंद डाह्याभाईने त्यां पारायणमां जवानी आज्ञा करी. गंभीर बीमारीमां पण हरिभक्तोना कार्यनुं स्मरण रहे छे.

**मनन :** पोतानी जरा पण चिंता राख्या वगर सतत हरिभक्तोनुं स्मरण राखी तेमनी चिंता करी छे. हरिभक्तोना सुखे सुखी रह्या छे.

३. **'कल श्याम सर्टिफिकेट ले कर यहां आना.' (६२-६३)** मुंबईमां एक युवक स्वामीश्रीना दर्शने - स्वामीश्रीए तेनी लाचारी पारखी तेनी तमाम विगतो पूछी बीजे दिवसे सांजे सर्टिफिकेट लईने आववानुं कह्युं. रामचरण स्वामीने सत्संगी डॉक्टरने पूछवानुं कह्युं. डॉक्टर आव्या त्यारे युवकनी परिस्थितिनी जाण करी भलामण करी.

**મનન :** માનવ મનના માલમી સ્વામીશ્રીએ યુવકને જોતાં જ પરિસ્થિતિ પામી ગયા. કરુણા સાગરની કરુણાથી એક યુવકને જીવવાનો સહારો મળી ગયો.

૪. **કડીના ડૉ. રામભાઈને રાજી કર્યા.** (૭૨-૭૩) રામભાઈના માસીને ત્યાં પારાયણમાં રવિવારે આવવાની વિનંતી સ્વામીશ્રીએ સ્વીકારી હતી. પણ રામભાઈ શનિવારે લેવા આવ્યા - સમજાવીને પાછા મોકલ્યા - રાત્રે ખૂબ જ વરસાદ - વાહન પણ જઈ ન શકે તેવી સ્થિતીમાં સ્વામીશ્રી અંબાલાલ કાકાની મેટાડોરમાં જવા રવાના - હરિભક્તોને રાજી કરવાનું જ જેને તાન છે તેવા સ્વામીશ્રી વિષમ પરિસ્થિતીમાં પણ હરિભક્તોને રાજી રાખતાં.
**મનન :** સંસ્થાનો વિકાસ સ્વામીશ્રીના હરિભક્તો પ્રત્યેના પ્રેમને આભારી છે. સૌને સ્વામીશ્રી પોતાના લાગે છે. સ્વામીશ્રી પણ હરિભક્તોને પોતાના સ્વજનની જેમ પોષે છે.

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ) (પાંત્રીસથી ચાલીસ લીટીમાં) (કુલ ગુણ ૧૫)**

**નોંધ : નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **जातस्य हि ध्रुवो मृत्यु :** (૧) શ્રીકૃષ્ણ ભગવાન દ્વારા પાર્થને સાંખ્યજ્ઞાનનો ઉપદેશ - દેહ અને આત્માની ભિન્નતા તથા અછેદ્ય, અભેદ્ય, નિર્વિકારી તથા નિત્ય એવા આત્માના સ્વરૂપનો ઉપદેશ - આ સાંખ્યજ્ઞાનનું એક પાસું. સાંખ્યજ્ઞાનનું બીજું પાસું એટલે जातस्य हि ध्रुवो मृत्यु જે જન્મે તેનું મૃત્યુ નિશ્ચિત. (૨) ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે : जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुव जन्म मृतस्य च । तस्माद् अपरिहार्येथे न त्वं शोयितुम अर्हसि જેનો જન્મ થયો તેનું મૃત્યુ નિશ્ચિત છે અને જેનું મૃત્યુ થયું તેનો જન્મ નિશ્ચિત છે. તેથી આ અપરિહાર્ય વિષયમાં (એટલે કે જેમાં કોઈ ફેરફાર ન થઈ શકે એવા વિષયમાં) તારે શોક કરવો યોગ્ય નથી. (ગીતા ૨/૨૭) પરિવર્તન-પ્રકૃતિનો એક પરિવર્તનીય નિયમ - જન્મ એટલે ઉત્પત્તિ અને ઉત્પત્તિ એટલે પરિવર્તન અવસ્થાનું પરિવર્તન - જન્મ અને મૃત્યુ પરિવર્તનના બે પાસા - માટીનો ઘડો બને અને તે જ ઘડો પાછો માટીમાં ભળી જાય - જગતની સૂક્ષ્મમમાં સૂક્ષ્મ વસ્તુથી માંડીને અનંત કોટિ બ્રહ્માંડો સુધી આ પરિવર્તનની ઘટમાળ જાણે પ્રકૃતિનું વણથંભ્યુ તાંડવ. (૩) જન્મની સાથે મૃત્યુ પણ ભેગું જ - ફુલ ખીલે તે કરમાય જ - સૂર્ય ઊગે તે આથમે છે, મહેલો બંધાય છે તે પડી પણ જાય છે - સંસારની એવી કોઈ ચીજ નથી કે જે પરિવર્તનની ચક્કીમાં ન પીસાય - ઘરનું ફર્નીચર સરસામાન નવા લાવીએ અને જૂનાં થાય નવું એ પણ જૂનાનું પરિવર્તન. પરિવર્તનની આ ઘટના આપણા શરીરમાં પણ આવી જ ચાલે છે. નિત્યપ્રલયથી આ ગતિ સૂક્ષ્મ - આ ગતિને પામવું કઠણ - ભગવદ્‌ગીતા જેવા શાસ્ત્રો આપણાં સંસારના એ છૂપાયેલા સ્વરૂપને જોવાની સમજ. (૪) जातस्य हि ध्रुवो मृत्यु આ વાક્યમાં હિ શબ્દ નિશ્ચિતતાના અર્થમાં વપરાયો છે અને ધ્રુવ શબ્દનો અર્થ પણ આવો જ - આમ શબ્દનું પુનરાવર્તન કરીને ભગવાને અર્જુનને પરિવર્તનની નિશ્ચિતતાને વધુ નિશ્ચિત કરી સમજાવી છે. ભગવાન શ્રી રામચંદ્રજીએ પણ ભરતજીને સંસારના નાશવંતપણાની વાત - જે કાંઈ ભેગું થાય છે તે વિખરાઈ જાય છે - દરેક ઉન્નતિનો અંત પતન - આમ આપણા જીવનની અંતિમ મર્યાદા પણ મૃત્યુ (રામાયણ - ૧૦૬-૧૬) મહાભારતમાં પણ આ જ વાતનું પ્રતિપાદન. (મહાભારત - રાજ્યધર્મ ૨૭/૨૯) (૫) હવે આ બધું અર્જુનને સમજાવીને તેને એક નવા અભિગમ તરફ દોરવું - આ ઉપદેશ ભગવાન આપે છે - જે વસ્તુ નિવારી શકાય તેવી નથી તેનો શોક શા માટે ? તે યોગ્ય નથી. (ગીતા ૨/૨૭) જે પરિસ્થિતિ પર આપણું નિયંત્રણ નથી તેનો શોક કેમ ? (૬) સામાન્ય પણે માનવીને મૃત્યુથી ગભરાટ - આ શબ્દ જ અપશુકનિયાળ - અણગમો વ્યક્ત કરીને રક્ષણ - અભિમન્યુના મૃત્યુને ઠેલવાના પ્રયાસો છતાં મૃત્યુ

આવ્યું જ - તેથી એક કવિ કહે છે 'મરનારાને શીદ રડો છો ? .... ઉડી જવાના.' ભગવાન સ્વામિનારાયણ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છતાં વચનામૃતમાં કહે છે 'પાંચ વાર્તાનું નિત્ય અનુસંધાન રહે છે....... એવી રીતે વર્તે છે. (વચ.ગ.અં. ૩૦) આમ, મૃત્યુ જો અપરિહાર્ય હોય તો તેનો ડર ન રાખવો જોઈએ - દુઃખી ન થતાં તેને સ્વીકારવું આવશ્યક. ખરેખર પરિહાર્ય - અપરિહાર્યનો ખ્યાલ આવી જાય તો વધારે પડતી અપેક્ષાઓ પર નિયંત્રણ - પ્રામાણિક પ્રયત્નથી જીવી શકાય - સાંખ્યજ્ઞાનની સમજણની દૃઢતા થાય. શ્રીજીમહારાજના સમયમાં અનેક ભક્તો - હસતાં હસતાં મહારાજ તેડવા આવ્યા તેમની સાથે ગયા હતા - ધાણલાના મૂળી ડોશી આવા અનેક હરિભક્તો કે જેમણે મૃત્યુની નિશ્ચિતતા સ્વીકારી આદર્શ સત્સંગીને જીવતા લાખના અને મુઆ એટલે મૃત્યુ બાદ સવાલાખના - કારણ અક્ષરધામમાં ભગવાનની સમીપમાં સ્થાન - જે વસ્તુ નિશ્ચિત છે તેનો શોક ન કરવો જોઈએ - આપણું કોઈ નિયત્રંણ તેના પર નથી. આધુનિક વિજ્ઞાન પણ પરિવર્તનતાને સ્વીકારે છે. શ્રીજીમહારાજ તેમજ ગુણાતીતાનંદ સ્વામી પણ સાંખ્યજ્ઞાનની દૃઢતાની વાત કરે છે - ગુરુપરંપરામાં આપણા ગુરુવર્યો ક્યારેય મૃત્યુથી ડર્યા નથી - શાસ્ત્રીજી મહારાજ જે લેશ પણ દ્વેષી સાધુઓને ડર મૃત્યુનો ન હતો. સ્વામીશ્રી પણ આ રીતે વર્તે છે - ઘણા પ્રસંગોએ સ્વામીશ્રી આ વાત કરે છે કે મૃત્યુથી શા માટે ડરવાનું ? - ભગવાનની ઇચ્છા મુજબ બધું જ બને છે. ભગવાનના કર્તાપણાની દૃઢતા રોમેરોમમાં - બાયપાસ સર્જરી માટે ક્ષણમાં જ તૈયારી બતાવી તે જ સાંખ્યજ્ઞાન તેમજ जातस्य हि ध्रुवो मृत्यु સિદ્ધાંત આત્મસાત કરેલ છે. સ્વામીશ્રીના શ્રીજીમહારાજના સત્સંગીઓમાં પણ આ સમજણની દૃઢતા જોવા મળે છે એને ભગવાન તેડવા આવે ત્યારે હસતા હસતા દેહત્યાગ કરે છે. જીવલેણ રોગો સામે લડવાની તાકાત - કારણ કે આદર્શ સત્સંગીઓને તો જે જન્મે તે મરવાનું છે તે ખાસ સિદ્ધાંતને દૃઢ કરી રાખ્યો છે - તેથી જ આદર્શ સત્સંગીને મન जातस्य हि ध्रुवो मृत्यु.

૨. **બી.એ.પી.એસ.માં અધ્યાત્મ સાથે વિજ્ઞાનનો સુમેળ :** (૧) વિજ્ઞાન અને અધ્યાત્મ બંને રીતે જોઈએ તો એકબીજાથી વિરુદ્ધ સામાન્ય અભિપ્રાય એવો કે વિજ્ઞાન અને અધ્યાત્મને કોઈ દિવસ મેળ બેસે જ નહિ. (૨) ઉપરોક્ત ખ્યાલ અથવા માન્યતાનું કારણ - વિજ્ઞાન એ પ્રત્યેક સિદ્ધાંત પ્રત્યેક માન્યતાની સાબિતી હોય તો જ મનાય અને અધ્યાત્મ એ ભગવાનનાં વચનમાં શ્રદ્ધા, સંતના વચનમાં વિશ્વાસ હોય તો મનાય. (૩) શ્રીજીમહારાજે આજથી બે સૈકા પહેલાં પણ વિજ્ઞાન અને અધ્યાત્મનો સુમેળ કરેલો જ હતો. શ્રીજીમહારાજે વચનામૃતોમાં મોટાભાગના સિદ્ધાંતો આજે વૈજ્ઞાનિકો માનતા થયા છે. કેટલાય વિધિનિષેધ નિયમો સંપ્રદાયમાં છે તેને વૈજ્ઞાનિકોને વિચાર કરતાં કરી મૂક્યા છે. દા.ત. ગ્રહણ સમયે જમાય નહિ, વસ્ત્રોને અડાય નહિ. સ્નાન કર્યા બાદ ઘરનું કાર્ય થઈ શકે. આ વસ્તુને વિજ્ઞાન માને છે કે તે સમયે ભોજન પ્રદૂષિત થયું હોય તેથી ન જમાય. આવા તો અનેક સિદ્ધાંતો શ્રીજીમહારાજે જણાવ્યા છે તેની પર સંશોધન ચાલે છે. (૪) બી.એ.પી.એસ.માં વિજ્ઞાન અને અધ્યાત્મના ગજબનો સુમેળ સધાયેલ છે. વિજ્ઞાનની નવી નવી શોધોને અધ્યાત્મ સાથે સંપ્રદાયનાં વિકાસને માટે સુમેળપૂર્વક ઉપયોગ થઈ રહ્યો છે. કમ્પ્યુટર, સી.ડી. પર તેમજ કેસેટ પરનાં ભજનો, પ્રવચનો, કથા-વાર્તા વગેરે હરિભક્તો, મુમુક્ષુ જીવો સાંભળે છે અને મંદિર ન જઈ શકે તો ઘેર બેઠાં પણ જ્ઞાન મેળવી શકે છે. (૪) સ્વામીશ્રી ગમે તે સ્થળે વિરાજમાન હોય ત્યાં રહ્યા અપાતો ઉપદેશ, કથા-વાર્તાથી તમામ સ્થળે રહેતા હરિભક્તોને સ્વામીશ્રીના સંત-સમાગમનો લાભ - (વિગતવાર લખી શકાય) વિજ્ઞાનની નવી નવી શોધો - મશીનરી વગેરેને મંદિરોના બાંધકામમાં તેનો સદુપયોગ કરી શકાય છે. વિમાનની વૈજ્ઞાનિક શોધને કારણ દેશ-વિદેશમાં સત્સંગ પ્રચાર સુગમ થઈ રહ્યો છે. (૫) વિજ્ઞાન અને અધ્યાત્મના સુમેળથી અનેક લાભો થાય છે. સંપ્રદાયનો વિકાસ થાય છે. નાનામાં નાના કેન્દ્ર સુધી હરિભક્તો સાથે સંપર્ક રહી શકે છે. અધ્યાત્મના સિદ્ધાંતોને વિજ્ઞાનના સિદ્ધાંતો સાથે સુમેળ કરીને શ્રીજીમહારાજના સિદ્ધાંતો ત્યારે સાચા હતા અને આજે પણ સાચા જ છે તે વાતનું પ્રતિપાદન

થઈ શકયું છે. સ્વામીશ્રી કહે છે કે વિજ્ઞાનનો જો સદુપયોગ કરવામાં આવે તો તેના અનેક લાભ છે. પરંતુ ખોટા રસ્તે ઉપયોગથી વિજ્ઞાનનો અધ્યાત્મ સાથે સુમેળ રહેતો નથી અને વિજ્ઞાનના ગેરફાયદા જ દેખાય છે. તેથી વિજ્ઞાનને અધ્યાત્મ સાથે જોડી દઈએ તો સુમેળ સધાય અને ખૂબ લાભ થાય છે. - ઉપસંહાર.

૩. **સર્વાંગી વિકાસનું મૂળ - સત્સંગ સભા :** (૧) કોઈપણ વ્યક્તિ, સંસ્થા, સમાજ, રાષ્ટ્ર તે તેની કાર્યક્ષમતા વધે તેમજ જ્યાં હોય ત્યાંથી આગળ વધે તે વિકાસ. (૨) ઘણી વખત આ બધા એકમોનો વિકાસ થતો દેખાય પણ તે સર્વાંગી વિકાસ ન પણ હોય, કોઈપણ એકમ હોય. દા.ત. વ્યક્તિ - તો તેનો સર્વાંગી વિકાર જરૂરી. કોઈ ધન પ્રાપ્ત કરીને વિકાસને રસ્તે આગળ વધે - કોઈ સત્તા પ્રાપ્ત કરે, કોઈનો અભ્યાસ ક્ષેત્રે વિકાસ થાય. પણ આ બધા ક્ષેત્રે જે વિકાસ જુદા જુદા ક્ષેત્રમાં થાય તેને બધા ક્ષેત્રોમાં થયેલ વિકાસ એકત્ર થઈને સર્વાંગી વિકાસ થાય તે જ સાચો વિકાસ. દા.ત. કોઈ બુદ્ધિશાળી હોય પણ ધન ન હોય તો સારો અભ્યાસ ન કરી શકે વગેરે જેવા દૃષ્ટાંતો આપી શકાય. તો પછી સર્વાંગી વિકાસ શાનાથી થાય ? આપણે આધ્યાત્મિક વિકાસની વાત કરીએ તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, કથાવાર્તા, કીર્તન-ભક્તિ, સ્વરૂપનિષ્ઠા વગેરે અંગોનો સમન્વય થાય અને તેનો જે વિકાસ થાય તે સર્વાંગી વિકાસ. શ્રીજીમહારાજ વચનામૃતોમાં અનેક જગ્યાએ જણાવે છે કે એકલી ધર્મનિષ્ઠા ન ચાલે. તેમજ એકલી વૈરાગ્યનિષ્ઠા ન ચાલે. આ ચારે નિષ્ઠાને એકબીજાની અપેક્ષા - ચારે નિષ્ઠા એકમાં જ હોય તે એકાંતિક ભક્ત તે જ સાચો સર્વાંગી વિકાસ અન્ય વચનામૃતોમાંથી આ અંગે સંદર્ભો આપી શકાય. (૩) સત્સંગસભાથી સર્વાંગી વિકાસ થાય જ - સત્સંગસભામાં કીર્તન ભક્તિથી મુક્તિ તરફનો માર્ગ સરળ બને. વિષયખંડનની વાત, પંચવિષયથી સત્સંગમાંથી પડી જવાના પ્રસંગો સાંભળવાથી અંતદૃષ્ટિ થાય. સત્સંગસભાઓમાં સંત-સમાગમનો લાભ મળે - અન્ય સદ્‌ગુરુ સંતોનો પણ લાભ મળે - તેમનો યોગ થાય, દર્શન થાય. આવા સંતના દર્શનમાત્રથી પાપ બળી જાય - ઇન્દ્રિયો અંતઃકરણના મેલ ધોવાય - પ્રસંગો લખવા. (૪) સત્સંગ સભાનો લાભ લેવાથી દોષો-વ્યસન પ્રકૃતિ વગેરે ટળી જાય - ધર્મ-નિયમ પાળવાની દૃઢતા આવે. માન-અપમાનમાં સ્થિર રહી શકાય. સંસારના નાશવંત પદાર્થોની નિરર્થકતા સમજાય. અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી. આ સિદ્ધાંતને અનુસરવાથી સર્વાંગી વિકાસ સાધવામાં સરળતા. બાળસભાથી માંડીને વડીલોની સભામાં આ પાયાના સિદ્ધાંત પર ખૂબ ભાર મૂકાય. તેથી આત્મા-પરમાત્માનું જ્ઞાન થાય. આ રીતે એક જ અંગના વિકાસથી કાચપ રહે પણ સર્વાંગી વિકાસ થાય તો કાચપ ટળી જાય અને ભગવાનનો એકાંતિક ભક્ત બને તે માટે સર્વાંગી વિકાસનું મૂળ કથાવાર્તા છે.

❑ ❑ ❑